ક્રમાંક:-

નાયબ કલેક્ટરશ્રીની કચેરી,
તાલુકા સેવા સદન, બીજો માળ,
સરદાર બાગ સામે,
જુનાગઢ, તારીખ:- /૦૧/૨૦૨૧

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી,
જુનાગઢ વન વિભાગ, સરદાર બાગ સંકુલ,
જુનાગઢ

વિષય:-ડાયવર્ઝન ઓફ ૦.૯૮૮૫ હેક્ટર ઓફ ફોરેસ્ટ લેન્ડ ફ્રોમ ગિરનાર વાઇલ્ડ લાઈફ સેન્ચ્યુરી ફોર કન્સ્ટ્રકશન ઓફ દાતાર હિલ સીડી રોડ, ગુજરાત.

સંદર્ભ:- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર ક્રમાંક:- જમન/૨૯-સી/૩૩૪૭-૪૮/૨૦૧૯-૨૦, તારીખ:- ૨૭/૦૯/૨૦૧૯ (જેની નકલ ઓનલાઈન parivesh portal પરથી ડાઉનલોડ કરેલ છે.)

ઉપરોક્ત સંદર્ભના પત્ર અન્વયે સવિનય જણાવવાનું કે, દાતાર હિલ ધાર્મિક જગ્યાએ જવા આવવા રોડ માટે ૦.૯૮૮૫ હેક્ટર જંગલ વિસ્તારની માંગણી કરવામાં આવેલ જે અંગે વન સંરક્ષણ ધારા ૧૯૮૦, અન્વયેની જરૂરી દરખાસ્ત આપની કચેરીએ અગાઉ રજૂ કરવામાં આવેલ હતી. જે દરખાસ્તની અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરી દ્વારા ચકાસણી કરવામાં આવતા મુદ્દા નંબર ૧ થી ૧૦ અંગે અધુરાશ જણાયેલ છે. આ મુદ્દા નંબર ૧ થી ૧૦ અંગે જરૂરી સ્પષ્ટતા / પુર્તતા નીચેની વિગતે રજુ કરવામાં આવે છે.

| ક્રમ | મુદ્દા | સ્પષ્ટતા / પુર્તતા |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પાર્ટ-૧માં અપલોડ કરેલ KML ફાઇલમાં માત્ર લાઇન દર્શાવેલ છે. જેમાં પોલીગન રૂપે રોડની KML ફાઇલ માંગણી મુજબના એરીયાની બનાવી અપલોડ કરવી. | KMLફાઇલ પોલીગોન ફોરમેટમાં નવેસરથી તૈયાર કરી ઓનલાઈન પાર્ટ-૧માં અપલોડ કરવામાં આવેલ છે. |
| ૨ | ઓનલાઈન પાર્ટ-૨ માં KML ફાઇલ માત્ર દર્શાવેલ છે. પરંતુ ટોપોશીટ મેપ, જીઓ રેફરન્સ મેપ તથા વળતર વનીકરણની સ્કીમ દર્શાવેલ નથી. જે દર્શાવવી. | આ મુદ્દો નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, જૂનાગઢની કચેરીને સબંધકર્તા છે. |
| ૩ | એનેક્ષર-૧૬ માં કેટલા વૃક્ષો કાપવાના થાય છે ? કે નથી થતાં જે દર્શાવી સાદર કરવું. | આ મુદ્દો નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, જૂનાગઢની કચેરીને સબંધકર્તા છે. |
| ૪ | દરખાસ્તનું માત્ર વાઇલ્ડલાઈફ સેન્ચ્યુરીનું નોટિફિકેશન છે. પરંતુ RF / PF નું કોઈ નોટિફિકેશન સામેલ નથી. | આ મુદ્દો નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, જૂનાગઢની કચેરીને સબંધકર્તા છે. |
| ૫ | એનેક્ષર-૧૮ માટે ગામ, તાલુકો, જીલ્લો તથા કંપાર્ટમેંટ / સર્વે નંબર સાથેનો મેપ સામેલ રાખવાનો થાય છે. જે સામેલ રાખેલ નથી. | દાતાર હિલ રોડ માટેની માંગણીના કેસમાં ૧ હેક્ટર કરતાં ઓછા વિસ્તારની માંગણી હોય વળતર વનીકરણ માટે બિન જંગલની જમીન આપવાની રહેતી નથી. તેથી મેપ તૈયાર કરવામાં આવેલ નથી. |

| | | |
|---|---|---|
| ૬ | એનેક્ષર-૨૬ બાબતે કોઈ કોર્ટ કેસ નથી તેવું પ્રમાણપત્ર રજૂ કરવું જો કોઈ કોર્ટ કેસ ન હોય તો જેમાં માત્ર નોટ એપ્લીકેબલ દર્શાવેલ છે. | એનેક્ષર-૨૬ બાબતે કોઈ કોર્ટ કેસ નથી તેવું પ્રમાણપત્ર આ સાથે છ પ્રતમાં સામેલ રાખી રજૂ કરવામાં આવેલ છે. |
| ૭ | એનેક્ષર-૨૯ માટે ઇંડેક્સ મેપ સામેલ રાખેલ નથી. તેમાં જરૂરી માહિતી દર્શાવી મેપ સામેલ રાખવો. | એનેક્ષર-૨૯ માટે ઇંડેક્સ મેપ તૈયાર કરી આ સાથે છ પ્રતમાં સામેલ રાખી રજૂ કરવામાં આવે છે. |
| ૮ | એનેક્ષર-૩૦ માટેનો મેપ સામેલ રાખેલ નથી. તેમાં જરૂરી માહિતી દર્શાવી મેપ સામેલ રાખવો. | વળતર વનીકરણ માટે બિન જંગલની જમીન આપવાની રહેતી નહોય તે અંગેની માહિતી અત્રેથી દર્શાવવાની રહેતી નથી. |
| ૯ | રોડ માટેનો રોડ સેક્શન મેપ સામેલ રાખવો. | રોડ માત્ર કાચા રસ્તા તરીકે ટ્રેક્ટર માટે ઉપયોગ કરવાનો છે. ભવિષ્યમાં પણ રોડને ડામર કે સિમેન્ટથી મઢવાનો નહોય રોડ માટેનો રોડ સેક્શન મેપ તૈયાર કરવામાં આવેલ નથી. |
| ૧૦ | યુજર એજન્સી દ્વારા ભારત સરકારશ્રીની મંજૂરી વગર કામ પૂર્ણ કરેલ હોય વાયોલેશન બાબતે નંધાયેલ FOR ની નકલ તેમજ તેના અંગ્રેજી અનુવાદની નકલ તેમજ ગુન્હા બાબતે વસૂલ કરવામાં આવેલ રકમની પાવતી સામેલ રાખેલ નથી. જે સામેલ રાખવી. | આ મુદ્દા અંગેનો જરૂરી પ્રત્યુતર નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, જૂનાગઢ દ્વારા આપવાનો થાય છે. તેથી આ મુદ્દો તેઓશ્રીનીની કચેરીને સબંધકર્તા છે. |

વધુમાં જણાવવાનું કે, એનેક્ષર-૩૨ ડિજીપીએસ મેપ અને એનેક્ષર-૩૫ અલ્ટરનેટ રૂટ મેપ આ સાથે છ પ્રતમાં સામેલ રાખી મોકલવામાં આવે છે. પ્રસ્તુત બાબતે રજુ કરવામાં આવેલ સ્પષ્ટતા / પુર્તતા અને અન્ય સાધનિક કાગળો ધ્યાને લેવા વિનંતી છે. અને આગળની યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

Authorized Signatory

મામલતદાર,
જુનાગઢ - શહેર

નાયબ કલેક્ટર,
જુનાગઢ

સામેલ:- ઉપર મુજબ